આ કાવ્યમાં કસુંબલ રંગ જીવનનું નિરંતર અને ચિરસ્થાયી વહેણ છે જે મૃત્યુ પર્યંત સચવાયેલું છે. જિંદગીનો આ સાચો, ઉદાત્ત અને ઉન્માદયુક્ત રંગ મનુષ્યની ત્યાગભાવના અભિવ્યક્ત કરે છે. કસુંબલ રંગ આમ તો કેસરિયો કે કેસૂડો ઘૂંટીને બનાવેલો રંગ, પરંતુ એનો સાચો અર્થ સમજાવે છે કવિ સુરેન ઠાકર ઉર્ફે મેહુલ. એ કહે છે કે "લોહીનો મૂળ રંગ લાલ, પરંતુ હવા ભળે પછી એ કથ્થઈ રંગ થ્ઈ જાય. રક્તનો એ કથ્થઈ રંગ અહીં કસુંબીનો રંગ છે. વતન માટે, સમાજ માટે કે દેશ માટે યુદ્ધ સંગ્રામમાં ખપી ગયા પછી જે રંગ ચડે એ કસુંબીનો રંગ છે. શહીદ ભગતસિંહ, સુખદેવ રાજગુરુ વગેરેની શહીદી પછી આ ગીત લખાયું હતું. ખપી જવાની કે બલિદાન આપવાની તાલીમ મળી તો ક્યાંથી? તો કવિ મેઘાણી કહે છે કે જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પામ્યો કસુંબીનો રંગ. એટલે કે ત્યાગ, બલિદાન અને શૂરવીરતાને ઘૂંટીને જે રંગ બને એ જ છે સાચો કસુંબી રંગ. દેશ માટે ફના થઈ જવાનું આહ્વાન આપતું આ ગીત લોકગાયકોએ તો ગાયું જ છે, પરંતુ સુગમ સંગીતના કલાકારોએ પણ મન ભરીને ઘૂંટ્યુ છે. આ પ્રતીક દ્વારા તેઓ કહે છે કે જીવન કસુંબીના રંગને જ સમર્પિત છે.

જન્મથી મૃત્યુ સુધીની યાત્રામાં કવિ કસુંબલ રંગને પામતા ગયા છે. ભય સામે ઝઝૂમતા વીરત્વની, પરાક્રમની

વાતો મેઘાણીનાં કેટલાંક કાવ્યોનું હાર્દ છે. લોક જાગૃતિનું કામ લોકસંગીત કરી શકે છે. લોકહૃદયની સરવાણી છે એ. તેથી જ લોકગીતો અમર છે. લોકસંગીતમાં સમાજ જીવન, સ્ત્રીઓને લગતાં ગીતો, પુરુષ ગીતો, હાલરડાં, મરશિયા અને લગ્ન ગીતો જેવાં અનેક પ્રકાર વણાયેલાં છે. આ ઉપરાંત, ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની ધરતી પર અણનમ ઊભેલા સિંદૂરી પાળિયા પણ લોકગીતોમાં સ્થાન પામ્યાં છે. આપણાં લોકગીતો અને લોકસાહિત્યે વટ, વચન, વહેવાર અને ખુમારીને સલામી આપી છે.

આવાં આ લોકસંગીતનું સર્વાંગસુંદર ગીત એટલે લાગ્યો કસુંબીનો રંગ. લગભગ દરેક કાર્યક્રમને અંતે રાગ ભૈરવીમાં રજૂ થતું કસુંબીનો રંગ ગીત કાર્યક્રમને જાણે પૂર્ણતા બક્ષે છે. શૌર્યના પ્રતીક સમાન આ કસુંબલ રંગનો નશો જ એવો છે કે એ ચડે તો માનવજીવન ધન્ય થઈ જાય.